ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0






ફટાકડા બજાર - ગાંધીનગરવાસીઓએ કોરોનાના કપરા કાળ બાદ તહેવારોની રંગેચંગે ઉજવણી શરૂ કરી દીધી છે... આ વર્ષે મોટાભાગના તહેવારો હર્ષોલ્લાસપૂર્વક ઉજવાયા છે... ત્યારે થોડા દિવસ પહેલા નવરાત્રી અને શરદ પૂનમ જેવા તહેવારો પણ ભક્તિભાવથી ઉજવાયા.... દિવાળીનો તહેવારોનું કાઉન્ટ-ડાઉન શરૂ થઈ ગયું છે... બજારો ધમધમી રહ્યા છે... મોંઘાવારીના માર વચ્ચે પણ નગરજનો હોંશેહોંળ ખરીદી કરી રહ્યા છે... શહેરમાં વિવિધ સેક્ટરોમાં ફટાકટાના સ્ટોલ લાગી ગયા છે... ફટાકડાનો ભાવમાં વધારો છે... છતાં પણ ફટાકડા બજારમાં ધીમે ધીમે ઘરાકી ખુલી રહી છે... ઉત્સવઘેલી પ્રજા દિવાળીને પણ હરખથી વધાવવા તૈયારીઓ કરી રહી છે...

# વાહકજન્ય અને વાઈરલ ફિવરના ભરડામાં પાટનગરવાસીઓ

## ડેન્ગ્યુના કેસો ૫૦૦ને પાર થયા : એન્ટીલાર્વેલ અને સર્વેલન્સ સઘન કરાયુ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળો તેમજ વાઈરલ ફિવરની બિમારીએ નગરજનોને તેના ભરડામાં લીધા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના કેસોની સંખ્યા ૫૦૦ને પાર થઈ ગઈ છે. કમોસમી વરસાદને પગલે મચ્છરોની ડેન્સીટી પણ વધી છે. વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ વિસ્તારો જે તંત્રએ અગાઉ ઓળખી કાઢ્યા હતા તે વિસ્તારોમાંથી જ કેસો મળી રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી છે.

કોરોનાની સાથે સાથે વાહકજન્ય રોગચાળાના કેસો વધતાં તંત્રની દોડધામ વધી છે. ૧૦૦થી પણ વધુ કર્મચારીઓ દ્વારા સઘન સર્વેલન્સ તેમજ એન્ટી લારવેલની કામગીરી હાથ ધરવામાં આવી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે માઉન્ટેડ ફોગીંગની કામગીરી પણ ચાલી રહી છે. આ વખતે મેલેરિયાના કેસો નોંધાયા જરૂર છે પણ હાલ સ્થિતિ નિયંત્રણ હેઠળ છે. મેલેરિયાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો છે.

હજુ એકાદ સપ્તાહ સુધી ડેન્ગ્યુના કેસો દેખા દશે જો કે આ પછી ઠંડીનો માહોલ જામતાં પરિસ્થિતિ નિયંત્રણમાં આવશે. આ ઉપરાંત ફટાકડાના ધુમાડાને કારણે પણ મચ્છરોની ડેન્સીટીમાં ઘટાડો થશે.

બીજી તરફ હાલ બેવડી ઋતુ પ્રવર્તતી હોવાને કારણે વાઈરલ ફિવર, શરદી, ખાંસી એલર્જીકના કેસો પણ વધી રહ્યા છે. હોસ્પિટલોની ઓ.પી.ડી.માં આ દર્દીઓ વધી રહ્યા છે.

શહેરમાં વાઈરલ ફિવર, ડેન્ગ્યુ તેમજ એલર્જીના શરદી ખાંસીના કેસો જે રીતે સામે આવી રહ્યા છે તેને કારણે તંત્રએ પણ સઘન સર્વેલન્સ, કન્સ્ટ્રક્શન સાઈટો પર મજૂરોનું સ્ક્રીનીંગ, લોહીના નમૂના લઈ તેનું પરીક્ષણ કરવાની કામગીરી સઘન બનાવી છે.

# જિલ્લામાં આજે વિશ્વાસની વિકાસયાત્રામાં ૩૩૩ કામોની ખાતવિધિ અને લોકાર્પણ થશે

## રૂ. ૨૫.૬૮ કરોડના કામો આ યાત્રામાં સમાવાયા છે : રૂ. ૨૦.૩૩ કરોડના કામોની ખાતવિધિ અને ૫.૩૮ કરોડના કામોનું લોકાર્પણ થશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આજે વિશ્વાસની વિકાસયાત્રા અંતર્ગત ૩૩૩ જેટલા કામોનું લોકાર્પણ અને ખાતવિધિ કરવામાં આવશે.

જિલ્લામાં રૂ. ૧ કરોડથી ૧૦ કરોડ સુધીના કામો છે. જેમાં ૧૭૫ જેટલા કામોનું ખાતમૂહુર્ત કરવામાં આવશે જેની પાછળ રૂ. ૨૦.૩૩ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે ૧૫૮ જેટલા કામોનું લોકાર્પણ કરવામાં આવશે જેની પાછળ ૫.૩૫ કરોડ રૂ.નો ખર્ચ થયો છે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આંતર માળખાકીય સુવિધાઓના કામોને અગ્રતા આપવામાં આવી છે.

જિલ્લાતંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે સવારે ૧૦ વાગે જી.એમ.ઈ.આર.એસ. કોલેજના હોલમાં સાંસદ નરહરિ અમીન, મેયર હિતેષ મકવાણા, જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપ પટેલ તેમજ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

જિલ્લામાં વિશ્વાસની વિકાસયાત્રાનો આ બીજો તબક્કો છે. આ અગાઉ ઓગષ્ટમાં આ યાત્રાનો પ્રથમ તબક્કો સંપન્ન થયો છે.

જિલ્લામાં છેલ્લા ત્રણ માસમાં વિકાસના કામો વેગીલા બન્યા છે. વિકાસની આવેલી ગતિ આગામી દિવસોમાં પણ જળવાયેલી રહે તેમજ જિલ્લાનો સંતુલિત વિકાસ થાય એ લક્ષ્ય છે. જિલ્લામાં આજે ૩૩૩ જેટલા કામોની ખાતવિધિ અને લોકાર્પણના કાર્યક્રમને લઈ તંત્ર દ્વારા છેલ્લી ઘડીની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

# શહેરમાં ગુલાબી ઠંડીનો અહેસાસ લઘુત્તમ તાપમાન ૧૬.૯ ડીગ્રી

## હજુ બેવડી ઋતુની અસર : દિવાળીમાં વરસાદ નહીં આવે જયારે નવેમ્બર મહીનાથી ઠંડીનુ જોર વધશે : હવામાન તજજ્ઞો

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી મોસમમાં સતત બદલાવ જોવા મળે છે. દિવસે હળવા બફારા અને ગરમી વચ્ચે સાંજ ઢળતા જ વાતાવરણમાં ઠંડક પ્રસરે છે. હવામાન વિભાગના સુત્રોના જણાંવ્યા મુજબ આગામી દિવાળી પર્વમાં પણ વરસાદ આવવાની સંભાવાના જણાંતી નથી જયારે નવેમ્બરમાં પણ ઠંડીના પ્રમાણમાં વધારો થશે. આજે પણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૫.૪ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૧૬.૯ ડીગ્રી રહ્યુ હતુ. નગરજનો હવે ગુલાબી ઠંડી સાથે મિશ્ર ઋતુનો અહેસાસ કરી રહ્યા છે.

**દિવસે હળવા બફારા અને ગરમી વચ્ચે સાંજ ઢળતા જ વાતાવરણમાં ઠંડક પ્રસરે છે : દિવાળી પર્વમાં પણ વરસાદ આવવાની સંભાવાના જણાંતી નથી**

ગાંધીનગરમાં મોસમનો મિજાજ અંગડાઈ લઈ રહ્યો છે. આ વર્ષે ગરમી અને વરસાદી મોસમની જમાવટ બાદ હવે ધીમે પગલે શરૂ થતા શિયાળાની મોસમ પણ આગળ જતા કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળશે તેમ સ્પષ્ટ થઈ રહ્યુ છે. શહેરમાં નવરાત બાદ બદલાયેલા મોસમના લીધે બે દિવસ સુધી વરસાદી વાદળો ગોરંભાયા હતા જયારે છેલ્લા કેટલાક દિવસોથી ઠંડી ગરમીની અસર વર્તાઈ રહી છે. જો કે આકરા બફારાથી ત્રસ્ત નગરજનો હવે મોસમના બદલાતા મિજાજ વચ્ચે થોડી રાહત અનુભવી રહ્યા છે. દિવસ દરમિયાન અગાઉ આકરો ઉકળાટ અનુભવતા હતો.

જયાારે છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ તાપમાન ઉંચકાયુ છે. પરંતુ દિવસે બપોરના સમયે આકરો તાપ વેઠવો પડે છે. પરંતુ ભેજનુ પ્રમાણ ઘટતા બફારામાં રાહત થઈ છે. કેટલાક દિવસોથી મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચેનો તફાવત પણ વધી ગયો છે. અલબત્ત લઘુત્તમ તાપમાન હવે ૧૫ થી ૧૭ ડીગ્રી વચ્ચે રહે છે.

જયારે મહત્તમ તાપમાન ડબલથી પણ વધુ તફાવત જોવા મળે છે. દિવસનુ તાપમાન પણ ૩૪ થી ૩૫ ડીગ્રી વચ્ચે સ્થિર રહેતા હજુ વાતાવરણમાં ગરમીનુ પ્રમાણ યથાવત છે. જયારે સાંજ ઢળ્યા બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરે છે. વહેલી સવારે પણ વાતાવરણમાં ઠંડીનુ મોજુ ફરી વળે છે.

# સરગાસણમાં કચરાનો ઢગલો મળ્યો : મનપાએ આકરૂ વલણ અપનાવ્યુ

## તપાસમાં મેડીકલ વેસ્ટ અને ખાણી-પીણીનો કચરો જણાયો : તંત્રએ ૬ હોસ્પિટલ, બે મેડીકલ સ્ટોર્સ તેમજ ૨ હોટલ સંચાલકોને નોટીસ ફટકારી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સરગાસણ વિસ્તારમાંથી આજે કચરાનો મોટો ઢગલો નાયબ મ્યુનિ. કમિશનરના રાઉન્ડ દરમ્યાન દેખાઈ જતાં મનપાએ આકરૂ વલણ અપનાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આ સાઈટના સુપરવાઈઝરો અને કર્મચારીઓ સાથે પુછપરછ કરવામાં આવી હતી. આ ઢગલામાંથી મોટા પ્રમાણમાં મેડીકલ વેસ્ટ અને ખાણી-પીણીનો કચરો મળી આવતાં તંત્રએ તપાસ સઘન બનાવી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો જે વિસ્તારમાંથી ઢગલો મળી આવ્યો છે તેની આસપાસના વિસ્તારમાં ૬ જેટલા દવાખાના અને હોસ્પિટલો છે તેમજ બે મેડીકલ સ્ટોર્સ ઉપરાંત બે ખાણી-પીણીની દુકાનો આવેલી છે.

તંત્રએ આ લોકોને પણ નોટીસ પાઠવી છે અને આગામી દિવસોમાં તેમની સુનાવણી હાથ ધરવામાં આવશે. આ તપાસમાં જો આ લોકો જવાબદાર જણાશે તો તેમની સામે દંડનીય કાર્યવાહી કરવા માટે મનપાએ મન બનાવી લીધુ છે.

ગાંધીનગર શહેરમાં આંતરિક વિસ્તારોમાં નિયમિત સફાઈ નહિ થતી હોવાની તેમજ ઠેર ઠેર ગંદકીનું સામ્રાજ્ય જામ્યુ હોવાની ઉઠેલી વ્યાપક ફરિયાદો પછી આજે નાયબ મ્યુનિ. કમિશનર રાઉન્ડમાં નીકળ્યા હતા અને કચરાનો ઢગલો મળી આવતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા.

# માણસા અને કલોલમાંથી બે મહિલાઓનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના બે કેસ નોંધાયા છે જ્યારે સતત ચોથા દિવસે શહેરમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

શહેર-જિલ્લામાં કોરોનાના હળવા લક્ષણો ધરાવતા દર્દીઓ મળી રહ્યા હોવાથી રિકવરી રેટ પણ ૯૭ ટકાને પાર થયો છે. શહેર-જિલ્લામાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં બે દર્દી અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક દર્દી રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે કેસ નોંધાયા છે. બે કેસ મહિલા દર્દીના નોંધાયા છે. મહિલા દર્દીઓના કેસો વધતાં તંત્રમાં ચિંતા વધી છે.

જિલ્લાના માણસા અને કલોલ તાલુકામાં આ કેસો મળ્યા છે. માણસા શહેરમાં ૩૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ તાલુકાના રાંચરડા ગામે ૧૮ વર્ષીય ઘરકામ કરતી યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેર-જિલ્લામાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા જણાવ્યુ છે.


## ભરતી માટેની જાહેરાત

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી, વેરાવળ સંલગ્ન સ્વનિર્ભર સંસ્થા આર્ષ શોધ સંસ્થાન, અક્ષરધામ, ગાંધીનગર તથા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત કોલેજ, સારંગપુર માટે સંસ્કૃત માધ્યમમાં અનુક્રમે સંશોધન તથા અધ્યયનની કામગીરી કરાવી શકે તેવા ઉમેદવારો પાસેથી નીચેની જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

**આર્ષ શોધ સંસ્થાન માટે :-**

**આસિસ્ટન્ટ પ્રોફેસર-૧ : વિષય : સ્વામિનારાયણ વેદાંત**

**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત કોલેજ માટે :-**

**આસિસ્ટન્ટ પ્રોફેસર-જગ્યા- ૧- સ્વામિનારાયણ વેદાંત તથા સાહિત્ય**

**આસિસ્ટન્ટ પ્રોફેસર-જગ્યા ૨- સ્વામિનારાયણ વેદાંત તથા વ્યાકરણ**

**સૂચનાઓ :**

(૧) ઉમેદવારે પોતાની અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાના ૨૧ દિવસમાં સંપૂર્ણ વિગતો સાથે રજી. એ.ડી.થી, આર્ષ શોધ સંસ્થાન માટે નિયામકશ્રી, આર્ષ શોધ સંસ્થાન , અક્ષરધામ સેકટર-૨૦ ગાંધીનગર તથા બી.એ.પી.એસ.સ્વામિનારાયણ સંસ્કૃત કોલેજ માટે પ્રધાનાચાર્યશ્રી, બી.એ.પી.એસ.સ્વામિનારાયણ સંસ્કૃત કોલેજ, સારંગપુર, પીન ૩૮૨૪૫૧ ને મોકલવાની રહેશે, (૨) સમય મર્યાદા બાદ આવેલ અરજી અમાન્ય રહેશે. (૩) નિમણૂંક પામનાર ઉમેદવારને યુનિવર્સિટી તેમજ સંસ્થાના વખતોવખતના બધા નિયમો બંધનકર્તા રહેશે. (૪)અરજી કરવા માટેનું નિયત નમૂનાનું ફોર્મ તથા જરૂરી વિગતો https:// research.baps.org/aarsh-gandhinagar/professor-application વેબસાઈટ પરથી મળશે.

| | |
|---|---|
| **નિયામક** | **પ્રધાનાચાર્ય** |
| **આર્ષ શોધ સંસ્થાન** | **બી.એ.પી.એસ.** |
| **ગાંધીનગર** | **સ્વામિનારાયણ સંસ્કૃત કોલેજ** |
| | **સારંગપુર** |


# સે-૨બીમાં રહેણાંક વિસ્તારમાં છેલ્લા ૬ મહિનાથી ગટર ઉભરાતા સ્થાનિકો તોબા

## રહેણાંક વિસ્તારમાં ઘર આંગણે જ દુષિત પાણીનો ભરાવો અનેકવાર રજુઆત છતા પરિણામ શુન્ય

ગાંધીનગર તા ૨૦

શહેરમાં એકબાજુ નવી ગટર લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે સેકટરોમાં



દાયકાઓ જુની લાઈનમાં વારંવાર ભંગાણ થવાના પણ કિસ્સા ધ્યાને આવે છે. જેના લીધે શહેરમાં ગટરો ઉભરાવાની તેમજ મેઈનહોલમાં ગાબડુ પડવાના કિસ્સા વધુ ધ્યાને આવે છે. આ ઉપરાંત સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ વારંવાર ગટરો ઉભરાતા દુષિત પાણીનો ભરાવો થાય છે. સે - ૨ બી માં પણ હાલ આવી જ સ્થિતિ છે. સેકટરમાં પ્લોટ નં -૨૪૪ થી ૨૪૯ ના વિસ્તારમાં ગટરો ઉભરાવાના લીધે દુષિત પાણીનો ભરાવો થાય છે જયારે અનેકવાર ફરિયાદો કરવા છતા કોઈ નિરાકરણ આવતુ નથી.

સે-૨ બી માં પ્લોટ નં -૨૪૪ થી ૨૪૯ ના વિસ્તારમાં છેલ્લા ૬ મહીનાથી ગટરો ઉભરાતા સ્થાનિકો તોબા પોકારી ગયા છે. આ મામલે અનેકવાર રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. શહેરમાં એકબાજુ સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે ખોદકામગીરી ચાલી રહી છે. જયારે આ સ્થિતિ વચ્ચે વારંવાર પાણી ગટરની લાઈનમાં ભંગાણ પણ થાય છે. જયારે ખોદકામ દરમિયાન અન્ય યુટીલીટીઝ લાઈન પણ ડિસ્ટર્બ થાય છે. એકબાજુ શહેરના સેકટરોમાં દાયકાઓ જુની ગટર લાઈન છે. જે હાલની વસતી અને વિકાસ મુજબ પર્યાપ્ત નથી નાના ડાયામીટરવાળી જુની લાઈનમાં ગમે ત્યારે ભંગાણ થવાના લીધે તંત્રએ પણ દોડતુ

● અનુસંધાન પાન-૭ પર

# દિવાળીના પર્વમાં ત્રણ દિવસ સુધી પ્રદુષણની માત્રા ચકાસવામાં આવશે

## શાંત અને હરિયાળા નગરમાં હવે ટ્રાફિકનો ધમધમાટ વધ્યો છે જયારે દિવાળી ટાંણે ફટકડાની આંતશબાજી અને વધતા ઓદ્યોગિક એકમોની સાથે હરિયાળીની કટોતી પર્યાવરણ માટે ખતરારૂપ છે : સે-૮ અને સે-૩૦ માં પ્રદુષણની માત્રા ચકાસવામાં આવશે

ગાંધીનગર તા ૨૦

સ્માર્ટ બનતા ગાંધીનગરમાં વિકાસના અનેકવિધ પ્રોજેકટનુ કામ ચાલી રહ્યુ છે. સેકટરોમાં વધતી વસતી અને વિકાસની સાથે નગરના માર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ પણ વધ્યો છે. એક જમાનામાં શાંત અને હરિયાળા ભાસતા નગરમાં અવાજ અને હવાનુ પ્રદુષણ વધ્યુ છે. દિવાળીના પર્વ ટાંણે પણ પ્રદુષણની માત્રા વધી જતી હોય છે. જો કે પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા દિવાળીના પર્વ દરિયાન દિવાળીના રોજ તેમજ આગળ પાછળના દિવસોમાં નગરમાં પ્રદુષણની માત્રા ચકાસવા માટે ટેસ્ટીંગ હાથ ધરવામાં આવશે સે-૮ તેમજ સે-૩૦ માં આ પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.

એક જમાનામાં શાંત અને હરિયાળા ભાસતા ગાંધીનગરમાં હવે માર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. શહેરના માર્ગો પર સતત વાહનોની અવરજવર જોવા મળે છે. છેલ્લા એક થી દોઢ દાયકામાં શહેરની ઓળખ જાણે બદલાઈ ગઈ છે. શહેરની સાથે ન્યુ ગાંધીનગરનો વિસ્તાર પણ વિકસતા ગાંધીનગર પણ અમદાવાદની જેમ વિસ્તરતુ જાય છે. સરકારી નગરી તરીકે ઓળખાતા શહેરમાં હવે વેપાર ધંધાને પણ વેગ મળ્યો છે. સેકટરોની સાથે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ કોર્મશિયલ ગતિવિધિઓ વધી છે. જયારે વિકાસના નવા આયામો વચ્ચે શહેરમાં હરિયાળીનો પણ સોથ વળી રહ્યો છે. હરિયાળા નગરમાં વૃક્ષોની કટોતીના લીધે પર્યવરણ સામે પણ ખતરો મંડરાયો છે. આ સ્થિતિમાં હરિયાળા ગાંધીનગરમાં પણ પ્રદુષણની માત્રા વધી રહી છે. ટ્રાફિકની સાથે અવાજનુ પ્રદુષણ વધ્યુ છે. જયારે દિવાળી જેવા તહેવારના લીધે હવાનુ પ્રદુષણ પણ વધ્યુ છે. એકબાજુ પર્યાવરણ પ્રેમીઓ ઈકો ફ્રેન્ડલી દીવાળી ઉજવવા પણ આમ નાગરિકોને પ્રોત્સાહીત કરી રહ્યા છે. ત્યારે દિવાળીના તહેવારના દિવસોમાં પ્રદુષણની માત્રા વધી જતી હોય છે. શહેરમા ઓદ્યોગિક એકમો સહીત અનેક ઠેકાણે પ્રદુષણની માત્રા વધી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં દિવાળીના તહેવાર દરમિયાન દિવાળીના દિવસે તેમજ તહેવારના આગળ પાછળના દિવસોમાં પણ પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્રદુષણની માત્રા ચકાસવામાં આવશે આ માટે સે-૮ અને સે-૩૦ નજીક ઓદ્યોગિક વિસ્તારમાં પ્રદુષણની માત્રાનુ ટેસ્ટીંગ કરવામાં આવશે જયારે સતત ત્રણ દિવસ સુધી આ ચકાસણી કરીને

● અનુસંધાન પાન-૭ પર


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · ASTRAL PIPES · PRINCE PIPING SYSTEMS · Jaquar · DR. FIXIT · Birla White · VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


# રાજ્યમાં વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રેન્યોર કર્મચારીઓની હડતાળ સમેટાઈ ગઈ

## પંચાયત મંત્રી બ્રિજેશ મેરજા સાથેની મુલાકાત બાદ નિર્ણય

ગાંધીનગર,તા.૨૦

ગુજરાતમાં ચૂંટણી પહેલા વિવિધ કર્મચારી મંડળ પોતાની પડતર માગોને લઈને સરકાર સામે મેદાને પડ્યા હતા. આશાવાદ એવો હતો કે આ જ સમય છે જ્યારે સરકાર તેમની માગોને સ્વીકારશે અથવા તો પોતાના તરફી સમાધાન લાવશે. ત્યારે રાજ્યમાં લાંબા સમયથી ચાલી રહેલી વધુ એક હડતાળનો અંત આવ્યો છે. રાજયમાં વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રેન્યોર(VCE) કર્મીઓની હડતાળ સમેટાઈ ગઈ છે. ગુજરાતના પંચાયત મંત્રી બ્રિજેશ મેરજા સાથેની મુલાકાત બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. મહત્વનું છે કે, VCEના કર્મચારીઓએ અગાઉ ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર પાટીલ સાથે પણ મુલાકાત કરી હતી.

રાજ્યના તમામ ઈ-ગ્રામ કેન્દ્રમાં VCE કર્મી ફરજ બજાવતા હોય છે. ગુજરાતમાં ૧૦,૦૦૦થી વધુ VCE(ગ્રામપંચાયત કમ્પ્યૂટર સાહસિક) ગ્રામ પંચાયતોમાં કમિશન આધારિત કામ કરે છે. જેમાં તેઓ મહેસુલ, અન્ન પુરવઠા, પંચાયત, ચૂંટણી સહિતની કામગીરી કરતા હોય છે પરંતુ તેઓને પગારની જગ્યાએ ૧ રૂપિયો કમિશન મળતુ હોવાથી તેઓ પગાર સહિતની માગને લઈ હડતાળ અને આંદોલનો કરી રહ્યા હતા. ૧૫ વર્ષ કરતાં વધુ સમયથી સરકારના એક ભાગ તરીકે ગ્રામ પંચાયતોમાં કામ કરતા ગ્રામ્ય કોમ્પ્યુટર સાહસિકોએ સરકારી કર્મચારી અને સરકારી ધોરણે પગાર મેળવવાની માંગ સાથે હડતાળ ઉતર્યા હતા. સરકાર દ્વારા તેમના પ્રશ્નોના ઉકેલની મૌખિક ખાતરી આપવામાં આવી રહી રહી હોવાના આક્ષેપ સાથે ફઝઈ કર્મીઓ વિરોધ કરી રહ્યા હતા. રાજ્યના અંદાજિત ૧૦,૦૦૦થી વધુ VCE કામગીરીથી અળગા થયા હતા. જેને લઈને ગામડાંઓમાં ખેડૂતલક્ષી રાજ્યસ્તરની વહીવટી કામગીરી ખોરવાઈ હતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com